# એકમ-1

## વિષય-પ્રવેશ(INTRODUCTION)

1. **મનોવિજ્ઞાનનો અર્થ** (Meaning of Pychology)

2. **શિક્ષણનો અર્થ** (Meaning of Education)

3. **શિક્ષણ અને શૈક્ષણિક મનોવિજ્ઞાન** (Education and Educational Pychology)

4. **શૈક્ષણિક મનોવિજ્ઞાનનો અર્થ અને સ્વરૂપ** (Meaning and Nature of Educational Psychology)

5. **શૈક્ષણિક મનોવિજ્ઞાનના હેતુઓ** (Objectives of Educational Psychology)

6. **શૈક્ષણિક મનોવિજ્ઞાનનું કાર્યક્ષેત્ર** (Scope of Educational Psychology)

7. **શૈક્ષણિક મનોવિજ્ઞાનનું મહત્ત્વ** (Importance of Educational Psychology)

1. <u>મનોવિજ્ઞાનનો અર્થ</u> (<u>**Meaning of Psychology**</u>)

'મનોવિજ્ઞાન' શબ્દનું અંગ્રેજી રૂપાંતરણ 'Psychology કે જે બે ગ્રીક શબ્દોને ભેગા જોડવાથી થયું છે – 'Psyche' તથા `logos'. Psyche'નો અર્થ છે આત્મા (soul) અને 'logos'નો અર્થ છે - અભ્યાસ અથવા વિવેચન. આ શાબ્દિક અર્થ અનુસાર, મનોવિજ્ઞાનનો અર્થ થયો આત્માના સંબંધમાં અભ્યાસ કરવામાં આવતો એક વિષય. પ્રાચીન દાર્શનિકોએ, જેમાં એરિસ્ટોટલ (Aristotle) તથા પ્લેટો(Plato)નું નામ વધુ પ્રખ્યાત છે. આજ શાબ્દિક અર્થને ધ્યાનમાં રાખીને મનોવિજ્ઞાનને આત્મા વિશે અભ્યાસ કરવામાં આવતો વિષય માનવામાં આવ્યો હતો. પરંતુ, પ્રાચીન દાર્શનિકો દ્વારા આપવામાં આવેલી આ પરિભાષા હવે માત્ર એક ઐતિહાસિક પરિભાષા બની ગઈ છે.

17મી સદી અને 18મી સદીના દાર્શનિકો (philosophers) કે જેમાં લિબિનિઝ (Leibnitz), હોબ (Hobbe), લોક (Locke), કાંતે (Kant), હ્યૂમ (Hurie) વગેરેના નામ ઉલ્લેખનીય છે, જેમણે 'Psyche' શબ્દનો અર્થ મન (mind) બતાવ્યો અને જણાવ્યું કે મનોવિજ્ઞાનની

વિષય-વસ્તુ મન છે. પરિણામે, મનોવિજ્ઞાનને મનના અભ્યાસનું વિજ્ઞાન માનવામાં આવ્યું. મનોવિજ્ઞાનની આ પરિભાષા આશરે 1870 સુધી સર્વમાન્ય રહી અને મનોવિજ્ઞાન, જે તે સમયે દર્શનશાસ્ત્ર(philosophy)ની એક શાખા હતી, જેની વિષય-વસ્તુ મન (mind) બની ગઈ.

આ દાર્શનિક પરિભાષાઓમાં મુખ્યત્વે બે પ્રકારની ત્રુટિઓ જોવા મળે છે. પહેલી એ કે આત્મા, (soul) અથવા મન (mind) એવી અમૂર્ત (abstract) વસ્તુ છે, જેને જોઈ કે સાંભળી શકાતા નથી. પરિણામે, આનો અભ્યાસ વૈજ્ઞાનિક પ્રકારે કરવો શક્ય નથી અને ન તો આની ઉપર કોઈ પ્રયોગ કરી શકાય છે. બીજી એ કે, મનોવિજ્ઞાનને મન અથવા આત્માનું વિજ્ઞાન માની લેવાથી તેનુ વિષય- વસ્તુ અસ્પષ્ટ રહે છે, કારણ કે આ શબ્દોનો પ્રયોગ ઘણાં બધાં અર્થોથી કરવામાં આવે છે અને મનોવિજ્ઞાનમાં આ કયા અર્થમાં પ્રયોજાય છે, તેને નિશ્ચિતપણે કહી શકાતું નથી.

ઉપર જણાવ્યું છે તે મુજબ, મનોવિજ્ઞાન પહેલાં દર્શનશાસ્ત્ર(Philosophy)ની એક શાખા હતી. 1879માં જ્યારે વિલહેમ વુન્ટ (Wilhelm Wundt) જર્મનીના લિપઝિંગ

વિશ્વવિદ્યાલયની (હવે તેનું નામ કાર્લ માર્ક્સ વિશ્વવિદ્યાલય કરી નાંખવામાં આવ્યું છે) સ્થાપના મનોવિજ્ઞાનની સૌથી પહેલી પ્રયોગશાળાના સ્વરૂપમાં કરી, ત્યારથી મનોવિજ્ઞાનનો દર્શનશાસ્ત્ર સાથેનો સંબંધ ધીમે-ધીમે ઓછો થતો ગયો અને આનું સ્વરૂપ પ્રયોગાત્મક વધુ બનતું ગયું. પરિણામે, મનોવિજ્ઞાનનું વિષય-વસ્તુ, મન અથવા આત્માથી દૂર થઈને માનસિક ક્રિયાઓ અથવા ચેતન અનુભૂતિ (concsious experience) બની ગઈ. આ પરિભાષાને માનનારા મનોવૈજ્ઞાનિકોને સંરચનાવાદી કહેવામાં આવ્યા, જેમાં વિલ્હેમ વુન્ટ અને ટિચેનર (Titchener) મુખ્ય હતા. આ મનોવૈજ્ઞાનિકો અનુસાર, મનોવિજ્ઞાન એ ચેતન અનુભૂતિ અથવા તાત્કાલિક અનુભૂતિના અભ્યાસનું વિજ્ઞાન છે. ચેતન અનુભૂતિ અથવા તાત્કાલિક અનુભૂતિનો અર્થ અહીં સંવેદના (sensation), કલ્પના (imagination), પ્રતિમા (image), લાગણી (feeling) વગેરે માનસિક ક્રિયાઓ સાથે છે. વુન્ટ અનુસાર, સંવેદના(sensation)ને ચેતન અનુભૂતિના વસ્તુલક્ષી તત્ત્વ (objective element) અને લાગણી ચેતન અનુભૂતિના આત્મલક્ષી તત્ત્વ (subjective element) માનવામાં આવતા હતા. પરંતુ, સંરચનાવાદીઓની આ

પરિભાષામાં ઘણી ત્રુટિઓ જોવા મળી. સૌથી મુખ્ય ત્રુટિ એ જણાવવામાં આવી હતી કે, તેમાં ચેતન અનુભૂતિનો વસ્તુલક્ષી પ્રકારે અભ્યાસ નથી કરી શકાતો, પરિણામે, આ પરિભાષાથી મનોવિજ્ઞાનના પ્રયોગાત્મક સ્વરૂપની વ્યાખ્યા કરી શકાતી નથી. આ પરિભાષામાં ફક્ત ચેતન અનુભૂતિના અભ્યાસ ઉપર જ ભાર મૂકવામાં આવ્યો છે, પરંતુ વ્યક્તિના દરેક અનુભવ ચેતન નથી હોતાં, એથી વિપરીત, મોટાભાગના અનુભવ અચેતન હોય છે. આ પરિભાષા દ્વારા એ તથ્ય સહેજ પણ સ્પષ્ટ થતું નથી કે, મનોવિજ્ઞાન મનની દરેક અવસ્થાઓનો અભ્યાસ કરે છે કે નહીં.

સંરચનાવાદીઓની પરિભાષામાં ત્રુટિ હોવાને કારણે મનોવિજ્ઞાનની બીજી પરિભાષા આપવામાં આવી, જે વર્તનવાદીઓ (behaviourists) દ્વારા કરવામાં આવી હતી. વર્તનવાદીઓમાં જે. બી. વૉટસન(J. B. Watson)નું નામ મુખ્ય છે. આ મનોવૈજ્ઞાનિકોએ મનોવિજ્ઞાનને વર્તનનું એક સકારાત્મક વિજ્ઞાન (positive science of behaviour) માન્યું છે. આ પરિભાષાથી એ સ્પષ્ટ થાય છે કે આમાં ચેતન અનુભૂતિ(conscious experience)ને મનોવિજ્ઞાનના

વિષય-વસ્તુથી અલગ કરી નાંખવામાં આવ્યું અને તેની જગ્યાએ વર્તન(behaviour)ને રાખવામાં આવ્યું, જેનું સ્વરૂપ વધારે વસ્તુલક્ષી (objective) હતું, કારણ કે તેને જોઈ કે સાંભળી શકાય છે. દોડવું, રડવું, હસવું, વિચારવું વગેરે આ વ્યવહારના કેટલાંક મુખ્ય ઉદાહરણો છે. આ પરિભાષામાં મનોવિજ્ઞાનને વસ્તુલક્ષી વિજ્ઞાન (objective science) માનવામાં આવ્યું, કારણ કે આમાં વર્તન સાથે સંબંધિત ત્રણ પક્ષો – શું (what), કેમ (why) અને કેવી રીતે(how)નો અભ્યાસ કરવામાં આવે છે. આ પરિભાષાની મુખ્ય ત્રુટિ એ બતાવવામાં આવી છે કે વર્તનનો પોતાનો કોઈ અર્થ નથી હોતો. સાચી બાબત એ છે કે કોઈ પણ વર્તનની વ્યાખ્યા આપણે આપણી અનુભૂતિઓને આધારે જ કરી શકીએ છીએ અને ત્યારે જ તેનો કંઈક સાચો અર્થ પ્રાપ્ત થાય છે.

આધુનિક મનોવૈજ્ઞાનિકોએ મનોવિજ્ઞાનનો જે અર્થ બતાવ્યો છે, તેમાં સાચું પૂછો તો ઉપરોક્ત બંને પ્રકારની પરિભાષાઓનો સંગમ જોવા મળે છે. એટકિન્સન, સ્મિથ અને હિલગાર્ડ (Atkinson Smith & Hiland) મનોવિજ્ઞાનને પરિભાષિત કરીને કહ્યું કે, "મનોવિજ્ઞાન વર્તન તથા માનસિક પ્રક્રિયાઓનો એક વૈનિક અભ્યાસ છે." પરિભાષાથી એ સ્પષ્ટ થાય છે કે મનોવિજ્ઞાનમાં ફક્ત વર્તનનો જ

અભ્યાસ કરવામાં નથી આવતો, પરંતુ એવી માનસિક પ્રક્રિયામા processes)નો પણ અભ્યાસ કરવામાં આવે છે, જેમને બહારથી બ્રેઈ શકાતી નથી અને જેમના વિશે વર્તનનાં આધારે માત્ર અનુમાન જ કરી શકાય છે. મૉર્ગન, કિંગ, વાઈઝ અને સ્કોપ્લરે (Morgan, King, Weiss & Schooler) પણ એ સ્પષ્ટ કર્યું છે કે મનોવિજ્ઞાન માનવ-વર્તન અને પશુ-વર્તનના અભ્યાસનું વિજ્ઞાન છે. સાથે સાથે એવા લોકો આગળ સ્પષ્ટ કરતાં એવું જણાવ્યું છે કે મનોવિજ્ઞાનના વર્તનના વિજ્ઞાનને સંબોધિત કરતી વખતે મન (mind) અર્થાત્ આંતરિક માનસિક ઘટનાઓના અભ્યાસને અલગ કરવામાં નથી આવતો, પરંતુ તેના વડે તેને પણ સમ્મિલિત કરવામાં આવે છે. મોર્ગન, કિંગ, વિ૪ અને સ્કોર(Morgan, King 'Wise & chopler, 1980ના શબ્દોમાં, “જ્યારે આપણે લોકો મનોવિજ્ઞાનને વર્તનના વિજ્ઞાનના સ્વરૂપમાં પરિભાષિત કરીએ છીએ, ત્યારે આપણે લોકો મનને અલગ નથી કરી દેતા, આપણે લોકો એટલું જ કહીએ છીએ કે, જે વ્યક્તિ કરે છે, એટલે કે તેનું વર્તન જ એ માર્ગ છે, જેના આધારે આંતિરક માનસિક ઘટનાઓનો અભ્યાસ કરવામાં આવે છે.”

નિષ્કર્ષરૂપે એ પણ કહી શકાય કે આધુનિક સમયમાં મનોવિજ્ઞાનનો અર્થ એક એવા વિજ્ઞાન તરીકે કરવામાં આવે છે, જેમાં વર્તનો અને માનસિક પ્રક્રિયાઓ (mental activities) બંનેનો અભ્યાસ કરવામાં આવે છે.

## 2. શિક્ષણનો અર્થ (Meaning of Education)

શિક્ષણ (education) એક એવો પારિભાષિક શબ્દ (term) છે, જેનો ઉપયોગ પ્રાચીન કાળથી થતો આવ્યો છે. પ્રાચીન કાળમાં ગુરુ અને શિષ્ય અથવા બીજા શબ્દોમાં કહીએ તો. જ્ઞાની અને અજ્ઞાનીની વચ્ચે જ્ઞાનના આદાન-પ્રદાનની સુવ્યવસ્થિત પ્રક્રિયાને શિક્ષણ કહેવામાં આવતું હતું. તે સમયથી ગુરુએ પોતાના શિષ્યોને કેટલાંક આવશ્યક તથ્યો કંઠસ્થ કરાવવા પડતા હતા અને તેને જ તેમનો શિક્ષણનો મુખ્ય ઉદ્દેશ્ય માની લેવામાં આવતો હતો. આ રીતે શિક્ષણ આપવાથી શિષ્યની ઉંમર, રુચિ અને યોગ્યતા વગેરે ઉપર સહેજ પણ ધ્યાન નહોતું આપવામાં આવતું. શિક્ષકની ફરજ શિષ્યને ફક્ત સૂચના આપી દેવા પૂરતી સીમિત હતી.

સ્પષ્ટતઃ આ પ્રકારનું શિક્ષણ બાળ-કેન્દ્રિત ન બનીને જ્ઞાન-કેન્દ્રિત હતું. શિષ્ય ભલે બાળક હોય કે વયસ્ક તેને એક જ પ્રકારનું શિક્ષણ આપવામાં આવતું હતું. એનું પરિણામ એવું આવતું કે બાળક કે શિષ્યનો સર્વાંગીક વિકાસ થઈ શકતો નહોતો.

પરંતુ આધુનિક કાળમાં શિક્ષણનો આ અર્થ પૂર્ણરૂપે સમાપ્ત થઈ ગયો છે. આધુનિક કાળમાં શિક્ષણનો અર્થ કોઈ પ્રકારનો ઉપદેશ કે સૂચના આપવાનો નથી હોતો, પરંતુ તે વ્યક્તિઓના સર્વાંગીક વિકાસ માટે એક નિરંતર કાર્યરત રહેનારી એવી પ્રક્રિયા છે કે જેના દ્વારા વ્યક્તિમાં નિહિત ક્ષમતાઓનો ઈષ્ટતમ ઉપયોગ વિભિન્ન સામાજિક પરિસ્થિતિઓમાં કરવામાં આવે છે. બીજા શબ્દોમાં કહીએ તો, એવું કહી શકાય છે કે આજના યુગમાં શિક્ષણનો સૂચિતાર્થ વ્યક્તિની નિહિત ક્ષમતાઓના વિકાસ સાથે કરવામાં આવે છે, જેને પરિણામે વ્યક્તિ સમાજોપયોગી બને છે. આ અર્થમાં ક્રો એન્ડ ક્રો એ શિક્ષણને પરિભાષિત કરીને કહ્યું છે કે, “શિક્ષણ, વ્યક્તિકરણ અને સામાજિકરણની એવી પ્રક્રિયા છે, જે વ્યક્તિની વ્યક્તિગત ઉન્નતિ અને સમાજોપયોગિતાને પ્રોત્સાહન આપે છે.” આ રીતના વિચાર અન્ય

નિષ્ણાતો  જેવાં કે સ્કિનર, રિલી તથા લેવિસ દ્વારા પણ પોતાની પરિભાષાઓમાં વ્યક્ત કરવામાં આવ્યા છે.

સ્પષ્ટ છે કે આ વૈજ્ઞાનિકોએ શિક્ષણને એક સામાજિક પ્રક્રિયા માની છે, જે દ્વારા વ્યક્તિનો સર્વાંગીણ વિકાસ થાય છે. સર્વાંગીણ વિકાસનો સૂચિતાર્થ વ્યક્તિના માનસિક, શારીરિક અને આધ્યાત્મિક કે નૈતિક વિકાસ સાથે સંબંધિત છે. શિક્ષણ, વ્યક્તિ માટે એક અનુકૂળ વાતાવરણ તૈયાર કરે છે, જ્યાં વ્યક્તિના શારીરિક, માનસિક અને નૈતિક ક્ષમતાઓનો નિરંતર વિકાસ કોઈ પણ પ્રકારના અવરોધ વગર થયા કરે છે. શિક્ષણ, વ્યક્તિનો શારીરિક વિકાસ કરીને તેને શારીરિક રીતે એવો લાયક બનાવી દે છે કે તે પોતાના વાતાવરણની સાથે ઉચિત સમાયોજન કરી શકે. એજ પ્રકારે શિક્ષણ વ્યક્તિનો માનસિક વિકાસ કરીને માનસિક રીતે સ્વસ્થ અને નૈતિક વિકાસ કરીને નૈતિક રીતે સ્વસ્થ બનાવીને તેમાં સામાજીકરણની પ્રક્રિયાને ટોચ ઉપર પહોચાડે છે.

અહીં એ સ્પષ્ટ થાય છે કે આધુનિક શિક્ષણનો અર્થ અને હેતુ પ્રાચીન શિક્ષણના અર્થ અને ઉદ્દેશ્યથી સંપૂર્ણપણે અલગ છે. આધુનિક સમયમાં શિક્ષણ જ્ઞાનના આદાન-પ્રદાનની પ્રક્રિયાનહિ પરંતુ બાળકો

અથવા વયસ્કોનો સર્વાંગીક વિકાસ કરવાની અને તેમનામા નિશ્ચિત વિભિન્ન ક્ષમતાઓને જગાડવાની એક પ્રક્રિયા છે.

### ૩. <u>શિક્ષણ અને શૈક્ષણિક મનોવિજ્ઞાન</u>

### (<u>Education and Educational Psychology</u>)

આપણે આગળ જોઈ ગયા કે શિક્ષણ અને શૈક્ષણિક મનોવિજ્ઞાન બંને એકબીજાથી ઘણાં નિકટ છે. શિક્ષણનો હેતુ બાળકોના વ્યક્તિત્વમાં એક એવો શૈક્ષણિક વિકાસ કરવાનો છે કે જેનાથી તે જીવનના પ્રત્યેક ક્ષેત્રમાં યોગ્ય રીતે સમાયોજન કરવામાં સફળ થઈ શકે. શૈક્ષણિક મનોવિજ્ઞાન શિક્ષણમાં મનોવૈજ્ઞાનિક નિયમો, તથ્યો અને પરિણામોનો પ્રયોગ કરીને શિક્ષણને વધુ ઉપયોગી બનાવે છે. એટલે કે એવું કહી શકાય કે શૈક્ષણિક મનોવિજ્ઞાન કસોટીરૂપે શિક્ષણને પોતાના મૂળ હેતુઓની પ્રાપ્તિમાં મદદ કરે છે. આ સમાનતા હોવા છતાં પણ શિક્ષણ અને શૈક્ષણિક મનોવિજ્ઞાન વચ્ચે તફાવત છે.

શૈક્ષણિક મનોવિજ્ઞાનથી માનવીય પાસાઓને મહત્ત્વપૂર્ણ માનીને શીખવાની અને શિખવાડવાની પ્રક્રિયા સંપન્ન કરવામાં આવે છે. અન્ય શબ્દોમાં કહીએ તો શૈક્ષણિક મનોવિજ્ઞાન શિક્ષક-વિદ્યાર્થીના સંબંધ ઉપર વધુ ભાર આપીને શિક્ષણના ઉદ્દેશ્યોની પૂર્તિની દિશામાં

ક્રિયાશીલ રહે છે, જ્યારે કે શિક્ષણમાં આ રીતના સંબંધ ઉપર ભાર નથી આપવામાં આવતો અને બાળકોના સર્વાંગીક વિકાસ માટે ફક્ત એક વાતાવરણ તૈયાર કરવામાં આવે છે. બીજો તફાવત એ દર્શાવવામાં આવ્યો છે કે શિક્ષણનો સંબંધ મૂલ્યો, આદર્શો, ધોરણો વગેરે સાથે સંબંધિત હોય છે, જ્યારે શૈક્ષણિક મનોવિજ્ઞાન તેના મૂલ્યો, આદર્શો અને ધોરણોને પ્રાપ્ત કરવામાં સહાયતા પ્રદાન કરે છે. આમ, એવું કહી શકાય છે કે, શિક્ષણ એક સાધ્ય છે અને શૈક્ષણિક મનોવિજ્ઞન તેનું એક સાધન છે.

## 4. શૈક્ષણિક મનોવિજ્ઞાનનો અર્થ અને સ્વરૂપ

**(Meaning and Nature of Educational Psychology)**

શિક્ષણ (Education) અને મનોવિજ્ઞાનનો અર્થ સ્વતંત્રપણે સમજી લીધા પછી સ્વાભાવિક પગલું એ રહેશે કે શૈક્ષણિક મનોવિજ્ઞાન શું છે, તેની ઉપર વિચાર-વિમર્શ કરવો જોઈએ. મનોવૈજ્ઞાનિકોનું મંતવ્ય એ છે કે શૈક્ષણિક મનોવિજ્ઞાન મનોવિજ્ઞાનની એક એવી શાખા છે જેનો સંબંધ શિક્ષણના સિદ્ધાંતો અને સમસ્યાઓ સાથે છે. અન્ય શબ્દોમાં કહીએ તો શૈક્ષણિક મનોવિજ્ઞાનનો સંબંધ શૈક્ષણિક

પ્રક્રિયાઓની સમસ્યાઓ અને સિદ્ધાંતોના અભ્યાસ સાથે છે. આ રીતે એવું કહી શકાય કે શૈક્ષણિક મનોવિજ્ઞાન શિક્ષણ સંબંધિત સમસ્યાઓ ઉપર વિચાર-વિમર્શ, વિશ્લેષણ અને વૈજ્ઞાનિક ઉકેલ પ્રસ્તુત કરે છે. આ મૂળ તથ્યને ધ્યાનમાં રાખીને આપણે કેટલાંક મનોવૈજ્ઞાનિકો દ્વારા શૈક્ષણિક મનોવિજ્ઞાનની કરવામાં આવેલી પરિભાષાઓને આ રીતે ઉદ્ઘાટિત કરી શકીએ છીએ.

સ્કિનરે (Skinner, 1962) શૈક્ષણિક મનોવિજ્ઞાનને પરિભાષિત કરતાં જણાવ્યું છે કે, “શૈક્ષણિક મનોવિજ્ઞાન, મનોવિજ્ઞાનની એ શાખા છે, જે શીખવા અને શિખવાડવાની પ્રક્રિયાનો અભ્યાસ કરે છે.”

જેમ્સ ડ્રેવર (James Drever, 1964) અનુસાર, “શૈક્ષણિક મનોવિજ્ઞાન વ્યવહારિક મનોવિજ્ઞાનની એક એવી શાખા છે, જે શિક્ષણમાં મનોવૈજ્ઞાનિક નિયમો અને પરિણામોના ઉપયોગથી અને સાથે સાથે શિક્ષણની સમસ્યાઓના મનોવૈજ્ઞાનિક અભ્યાસ સાથે સંબંધિત હોય છે.”

સેન્ટ્રોક (Santrock, 2006) અનુસાર, “શૈક્ષણિક મનોવિજ્ઞાન, મનોવિજ્ઞાનની એક એવી શાખા છે, જે શૈક્ષણિક પરિસ્થિતિઓમાંથી શિખવવા અને શીખવાની સમજ વચ્ચે વિભિન્નતા દર્શાવે છે.”

**આ પરિભાષાઓનું વિશ્લેષણ કરતાં આપણને શૈક્ષણિક મનોવિજ્ઞાનનો અર્થ અને સ્વરૂપ વિશે કેટલાંક મહત્ત્વપૂર્ણ તથ્યો પ્રાપ્ત થાય છે, જે આ મુજબ છે –**

(i) **શૈક્ષણિક મનોવિજ્ઞાન, મનોવિજ્ઞાનની એક વ્યાવહારિક શાખા** (applied branch) છે.

આનો અર્થ એ થયો કે શૈક્ષણિક મનોવિજ્ઞાન, મનોવૈજ્ઞાનિક નિયમો, સિદ્ધાંતો અને તથ્યોનો ઉપયોગ શિક્ષણના ક્ષેત્રમાં કરીને બાળકો અને વયસ્કોના સર્વાંગી વિકાસમાં મદદ કરે છે. શૈક્ષણિક મનોવિજ્ઞાન બાળકોની માનસિક, શારીરિક અને નૈતિક ક્ષમતાઓને નક્કી કરીને યોગ્ય શિક્ષણની વ્યવસ્થા કરવામાં મદદરૂપ થાય છે. શૈક્ષણિક મનોવિજ્ઞાન બાળકોના માનસિક, શારીરિક અને નૈતિક સમસ્યાઓનો ઉકેલ મેળવવા માટે મનોવૈજ્ઞાનિક નિયમો અને સિદ્ધાંતોનો મોટા પાયે ઉપયોગ કરે છે.

(iii) **શૈક્ષણિક મનોવિજ્ઞાન બાળકોની વિવિધ ક્ષમતાઓનું ફક્ત માપન જ નથી કરતું,**

પરંતુ તેમના યોગ્ય વિકાસ અને અનુકૂળ શિક્ષણ માટે એ પ્રકારની સલાહ પણ આપે છે. બાળકોની ક્ષમતાને અનુરૂપ કેવા પ્રકારનું શિક્ષણ તેમના માટે ઉપયોગી રહેશે, તેનું પણ નિર્ધારણ શૈક્ષણિક મનોવિજ્ઞાન જ કરે છે. એ સ્પષ્ટ છે કે શૈક્ષણિક મનોવિજ્ઞાન વાસ્તવમાં શિક્ષણમાં મનોવિજ્ઞાનની ઉપયોગિતાનું વિજ્ઞાન છે (Educational Psychology is the science of utilities of Psychology in education). શિક્ષણની સમસ્યાઓનો ઉકેલ અને બાળકો માટે શિક્ષણનું યોગ્ય વાતાવરણ તૈયાર કરવાની જવાબદારી શૈક્ષણિક મનોવિજ્ઞાનના ક્ષેત્રમાં કાર્ય કરતા મનોવૈજ્ઞાનિકોની છે.

## 5. <u>શૈક્ષણિક મનોવિજ્ઞાનના હેતુઓ</u>

## (Objectives of Educational Psychology)

શૈક્ષણિક મનોવિજ્ઞાનનો હેતુ વિદ્યાર્થીઓ(learners)ના વ્યક્તિત્વનો સર્વાંગીક વિકાસ કરવાનો તેમજ સાથે-સાથે માનવ સ્વભાવને સમજવામાં શિક્ષકોની મદદ કરવાનો છે. સાચુ પૂછો તો શૈક્ષણિક મનોવિજ્ઞાનથી શિક્ષકોને વિદ્યાર્થીઓના વર્તનને સમજવા તથા તેમનું યોગ્ય દિશા અને માર્ગદર્શન આપવામાં વધુ મદદ મળે

છે. શૈક્ષણિક મનોવિજ્ઞાનના જ્ઞાનના અભાવમાં શિક્ષકની સ્થિતિ કંઈક આવી હોય છે કે જેમ; કોઈ મોટરગાડીમાં બેઠેલા ડ્રાઈવર જેવી હોય છે કે જેમની મોટરગાડીનું પેટ્રોલ સમાપ્ત થઈ ગયું હોય. એ સ્પષ્ટ છે કે શૈક્ષણિક મનોવિજ્ઞાનનો એક મુખ્ય હેતુ શિક્ષકોને શિક્ષણ સંબંધિત આવશ્યક મનોવૈજ્ઞાનિક તથ્યોથી માહિતગાર કરાવીને તેમના કાર્યોમાં મદદ કરવાનો છે, જેનાથી તેઓ વિદ્યાર્થીઓને વિકાસમાં માર્ગદર્શન કરી શકે.

**<u>શૈક્ષણિક મનોવિકાસના વિશિષ્ટ હેતુઓને આ રીતે વ્યક્ત કરી શકાય છે."</u>**

**૧. <u>શિક્ષકોની મદદ કરવી</u>**

મનોવિજ્ઞાનની સૌથી મુખ્ય હેતુ શિક્ષકોને તેમના કાર્યમાં મદદ કરવાનો હોય છે. આ મનોવિજ્ઞાનનો હેતુ શિક્ષકને એટલો યોગ્ય બનાવી દે છે કે તેમના ખભા ઉપર ઔપચારિક શિક્ષણ માટે લાદવામાં

આવેલા ભારનું સરળતાથી વહન કરી શકે છે. આ સંદર્ભમાં શૈક્ષણિક મનોવિજ્ઞાનના હેતુઓને આ રીતે સમજવી શકાય છે.

(i) શૈક્ષણિક મનોવિજ્ઞાન શિક્ષકોને શૈક્ષણિક સમસ્યાઓ (educational problems) પ્રત્યે યોગ્ય મનોવલણ ઊભુ કરવામાં મદદ કરે છે. તેનાથી એ ફાયદો થાય છે કે શિક્ષક એ યોગ્ય રીતે સમજી લે છે કે આપવામાં આવેલી પરિસ્થિતિમાં કઈ પદ્ધતિ દ્વારા શિક્ષણ આપવું વધુ લાભપ્રદ થશે અને કઈ હદ સુધી બાળક સંબંધિત શિક્ષણ પદ્ધતિનો લાભ ઉઠાવી શક્શે.

(ii) શૈક્ષણિક મનોવિજ્ઞાન શિક્ષકોને વિદ્યાર્થીઓના વર્તનમાં યોગ્ય પરિવર્તન માટે એક વાતાવરણ તૈયાર કરવામાં મદદ કરે છે.

(iii) શૈક્ષણિક મનોવિજ્ઞાન વિદ્યાર્થીઓની વર્તનને સહાનુભૂતિપૂર્વક સમજવામાં મદદ કરે છે.

(iv) વિદ્યાર્થીઓની નબળાઈઓ અને અસફળતાઓને સમજવા અને તેમના ઉપાય (treatment) સંબંધિત ભલામણો કરવામાં શિક્ષકોને શૈક્ષણિક મનોવિજ્ઞાન ખૂબ જ મદદ કરે છે.

(v) શૈક્ષણિક મનોવિજ્ઞાન દ્વારા શિક્ષક એવી સામગ્રીઓને યોગ્ય રીતે સંગીત કરી શકે છે, જે તેમણે વિદ્યાર્થીઓને આપવાની હોય છે.

શૈક્ષણિક મનોવિજ્ઞાનનું શાન થવાથી શિક બાળકોની યોગ્યતાને અનુરૂપ વિષય-વસ્તુની યોગ્ય રીતે પગી કરીને તેને સંકલિત કરી શકે છે.

(vi) શિક્ષકીને પોતાની ભૂમિકા સાચી રીતે ભજવવામાં શૈક્ષણિક મનોવિજ્ઞાન વિશેષરૂપે મદદ કરે છે. આ મનોવિજ્ઞાનના જ્ઞાન થકી શિક્ષકોને પોતાની ભૂમિકાના નિર્વહનમાંથી ઉત્પન્ન થતી સમસ્યાઓનો ઉકેલ મેળવવામાં ઘણી મદદ મળે છે.

(vii) બાળકોની વચ્ચે વ્યક્તિગત વિભિન્નતા(individual differences)ને ધ્યાનમાં રાખીને માર્ગદર્શક કાર્યક્રમ (guidance programme) બનાવવાથી શૈક્ષણિક મનોવિજ્ઞાન શિક્ષકોની ઘણી મદદ કરે છે.

(viii) શૈક્ષણિક મનોવિજ્ઞાન શિક્ષકોને પોતાની જાતને સમજવામાં પણ ખૂબ
મદદ કરે છે, મનોવિજ્ઞાનનું જ્ઞાન પ્રાપ્ત થવાથી શિક્ષક પોતાની મર્યાદાઓને ખૂબ
સારી રીતે સમજી શકે છે અને તેના નિદાન સંબંધિત પગલાં ઉઠાવવા માટે તત્પર

બને છે.

**2. <u>યોગ્ય શૈક્ષણિક નિર્દેશન આપવું</u>**

**(To impart proper educational guidance):**

શૈક્ષણિક મનોવિજ્ઞાન વિદ્યાર્થીઓને યોગ્ય શૈક્ષણિક માર્ગદર્શન (education. guidance) પણ પ્રદાન કરે છે. દરેક બાળકની માનસિક ક્ષમતા (ability), અભિરુચિ (interest), અભિયોગ્યતા (aptitude), અલગ-અલગ હોય છે. પરિણામે, દરેક બાળક એક જ પ્રકારના વિષય(subject)ના શિક્ષણ માટે લાયક નથી હોતાં. શૈક્ષણિક મનોવિજ્ઞાન વિદ્યાર્થીઓની આ વ્યક્તિગત વિભિન્નતાને સમજીને સાચી દિશામાં એવો નિર્દેશ આપે છે કે વિભિન્ન વિષયો જેવાં કે કળા, વિજ્ઞાન, સંગીત, વાણિજ્ય વગેરે પૈકી કયા વિષયનું શિક્ષણ લેવું જોઈએ અને કેમ લેવું જોઈએ.

**3. <u>યોગ્ય અભ્યાસક્રમ બનાવવો</u>**

**(To make proper curriculum):**

શૈક્ષણિક મનોવિજ્ઞાન વિદ્યાર્થીઓ માટે યોગ્ય અભ્યાસક્રમ (curriculum) તૈયાર કરવામાં મદદ કરે છે. અભ્યાસક્રમની રચના કરતી વખતે શૈક્ષણિક મનોવિજ્ઞાન શિક્ષકોને વિશેષપણે દિશાનિર્દેશ

આપે છે કે વિદ્યાર્થીઓની માનસિકક્ષમતા, અભિરુચિ અને અભિયોગ્યતા ધરાવનારા બાળક વધુ સક્ષમ હોય છે, ત્યારે અન્ય વ્યવસાયમાં અન્ય પ્રકારની અભિયોગ્યતા ધરાવનાર બાળક વધુ સક્ષમ હોય છે. શૈક્ષણિક મનોવિજ્ઞાન આ હેતુની પ્રાપ્તિ માટે વિદ્યાર્થીઓને યોગ્ય માર્ગદર્શન પ્રદાન કરે છે.

**4. યોગ્ય અધ્યાપન પદ્ધતિ પ્રસ્તુત કરવી**

**(To provide proper teaching** method):

શૈક્ષણિક મનોવિજ્ઞાનને સ્કિનરે (Skinner, 1962) શીખવા (learning) અને શિખવાડવા(teaching)નું વિજ્ઞાન કહ્યું છે. આમ, શૈક્ષણિક મનોવિજ્ઞાનનો હેતુ એ પણ છે કે શિખવાડવાની યોગ્ય પદ્ધતિ એટલે કે યોગ્ય અધ્યાપન-પદ્ધતિ અથવા શિક્ષણ-પદ્ધતિ પ્રસ્તુત થઈ શકે. શૈક્ષણિક મનોવૈજ્ઞાનિકો દ્વારા સક્રિય પ્રયત્નો આદરીને અભ્યાસની વિભિન્ન પ્રકારની પદ્ધતિઓને પ્રસ્તુત કરવામાં આવી છે, જેમાં આનુમાનિક પદ્ધતિ (deductive method), નિગમન (પ્રેરક) પદ્ધતિ (inductive method), પૂર્ણ પદ્ધતિ (whole method), અંશ પદ્ધતિ (part method), ખેલ પદ્ધતિ (playway method) વગેરે

મુખ્ય છે. શૈક્ષણિક મનોવિજ્ઞાન એ બાબતે પણ મદદ કરે છે કે આ પદ્ધતિઓમાંથી કઈ પદ્ધતિ કઈ પરિસ્થિતિમાં વધુ લાભદાયી નીવડશે.

**5. <u>સ્કૂલના અધિકારીઓ અને સંચાલકોની મદદ કરવી</u>**

**(To help the school authorities and administrators):**

શૈક્ષણિક મનોવિજ્ઞાન સ્કૂલ સંબંધિત અધિકારીઓ અને સંચાલકોને સ્કૂલ સંચાલન અને શિક્ષણ માટે અનુકૂળ વાતાવરણ તૈયાર કરવામાં મદદ કરે છે. શૈક્ષણિક મનોવિજ્ઞાન સ્કૂલના અધિકારીઓ અને સંચાલકોને શિક્ષક- વિદ્યાર્થી સંબંધ(teacher-taught relationship)ને સમજવામાં મદદ કરે છે. આ સંબંધના ગૂઢ તત્ત્વોને સમજ્યા બાદ સ્કૂલ અધિકારીઓ દ્વારા શિક્ષણનું એક યોગ્ય વાતાવરણ તૈયાર કરવામાં આવે છે, જેમાં શિક્ષણ કાર્ય લાભદાયી રીતે હાથ ધરવામાં આવે છે.

**6. <u>વિદ્યાર્થીઓના વ્યક્તિત્વનો સર્વાંગીણ વિકાસ કરવો</u>**

**(To develop wholesome personality of learners):**

શૈક્ષણિક મનોવિજ્ઞાનનો એક મુખ્ય હેતુ વિદ્યાર્થીઓના વ્યક્તિત્વના સર્વાંગીણ વિકાસમાં મદદ કરવાનો છે. સર્વાંગીણ વિકાસનો સંબંધ વિદ્યાર્થીના ચતુર્મુખી વિકાસ સાથે છે, જેમાં માનસિક વિકાસ, શારીરિક વિકાસ તથા નૈતિક વિકાસ(moral development)ને મુખ્ય માનવામાં આવે છે. શૈક્ષણિક મનોવિજ્ઞાન આ ત્રણેય પ્રકારના વિકાસ ઉપર યોગ્ય પ્રકાશ પાથરીને બાળકોનું એક એવું વ્યક્તિત્વ વિકસિત કરવા ઉપર ભાર મૂકે છે, જે તેમને શૈક્ષણિક વાતાવરણમાં અર્થપૂર્ણ સમાયોજન કરવામાં મદદ કરે છે.

**7. <u>વાલીઓનું માર્ગદર્શન કરવું</u>**

**(To guide the gaurdians):**

શૈક્ષણિક મનોવિજ્ઞાન ફક્ત શિક્ષક અને વિદ્યાર્થીને માર્ગદર્શન (guidance) આપે છે, પરંતુ વાલીઓને પણ યોગ્ય સલાહ આપીને તેમનું માર્ગદર્શન કરે છે. કેટલાંક વાલીઓ એવા હોય છે, જે પોતાના બાળકોની માનસિકક્ષમતા, અભિરુચિ અને અભિયોગ્યતા(aptitude)ને ધ્યાનમાં લીધા વગર જ કોઈ વિશિષ્ટ વિષય અથવા કોઈ વિશિષ્ટ પ્રકારના કૌશલ્યskill)ને શીખવા ઉપર

ભાર મૂકે છે. આનું પરિણામ એ આવે છે કે આવા બાળકનું શિક્ષણ અસફળ થઈ જાય છે. શૈક્ષણિક મનોવિજ્ઞાન એવા વાલીઓનું યોગ્ય માર્ગદર્શન કરે છે અને સાથે સાથે તેમને પોતાની શારીરિક અને માનસિક નબળાઈઓથી પણ માહિતગાર કરે છે કે જેથી તેઓ સ્વયં પોતાનામાં યોગ્ય પરિવર્તન લાવીને પોતાના બાળકોને શિક્ષણમાં યોગ્ય મદદ કરી શકે.

**8. <u>મૂલ્યાંકનની યોગ્ય પદ્ધતિઓને પ્રસ્તુત કરવી</u>**

**(To provide proper methods ek evaluations):**

શૈક્ષણિક મનોવિજ્ઞાનનો એક હેતુ એ પણ છે કે તે વિદ્યાર્થીઓની શૈક્ષણિક સિદ્ધિઓ ectional achievements)ના મૂલ્યાંકન (evaluation) માટે યોગ્ય પદ્ધતિઓની શોધખોળ કરે. આ પ્રયાસમાં શૈક્ષણિક મનોવૈજ્ઞાનિકો દ્વારા વિભિન્ન પ્રકારના મનોવૈજ્ઞાનિક પરીક્ષણો (psychological tests) જેમાં મૂળરૂપે વિભિન્ન પ્રકારના શૈક્ષણિક ઉપલબ્ધિ પરીક્ષણpsychological achievement eta)ના નામથી વધુ પ્રસિદ્ધ છે, તેનું નિર્માણ કરવામાં આવ્યું છે. શૈક્ષણિક સિદ્ધિનું યોગ્ય મૂલ્યાંકન કર્યા પછી જ એ વાતનો ખ્યાલ મળે છે કે

બાળક શિક્ષણનો લાભ ઉઠાવી રહ્યો છે કે નહીં. શૈક્ષણિક મનોવિજ્ઞાન આ દિશામાં મહત્ત્વપૂર્ણ ભૂમિકા નિભાવે છે.

**9. <u>શારીરિક શિક્ષણ પ્રદાન કરવું</u>**

**(To provide physical education):**

શૈક્ષણિક મનોવિજ્ઞાનનો હેતુ વિદ્યાર્થીઓને શારીરિકરૂપે સ્વસ્થ બનાવવાનો પણ હોય છે. કારણ કે શારીરિક સ્વાસ્થ્યના અભાવમાં બાળકોમાં કોઈ પણ પ્રકારનો માનસિક વિકાસ, ભૌતિ વિકાસ, બોધાત્મક વિકાસ કરી શકાતો નથી. શૈક્ષણિક મનોવિજ્ઞાન કેટલીક વિશિષ્ટ પ્રકારની આદતો (habits) શીખવા ઉપર ભાર મૂકે છે. આ આદતોમાંથી બોધપાઠ લેવાથી બાળકોનું શારીરિક આરોગ્ય તો સુધરે જ છે અને સાથે-સાથે તેમની અભ્યાસની ટેવો (study habit)માં પણ સુધારો થાય છે અને ત્યારે બાળક શિક્ષણનો યોગ્ય ફાયદો ઉઠાવવા માંડે છે.

**10. <u>જૂથ ગતિશીલતાને સમજવામાં મદદ કરવી</u>**

**(To help understanding group dynamics):**

તાજેતરના જ વર્ષોમાં શૈક્ષણિક મનોવિજ્ઞાનનો એક નવો હેતુ જૂથ ગતિશીલતાને સમજવામાં મદદ કરવાનો બની ગયો છે. વર્ગમાં

શિખવાડવા- શીખવાtteaching-learning)ની પ્રક્રિયામાં સામાજિક વર્તન અને જૂથ ગતિશીલતા(group dynamics)ના મહત્ત્વને સમજવું જરૂરી માનવામાં આવે છે, કારણ કે આ જ્ઞાનના અભાવથી કોઈ પણ શિક્ષક સફળતાપૂર્વક અધ્યાપન કાર્ય કરી શક્તા નથી અને સાથે-સાથે વિદ્યાર્થી પણ તેમના શિક્ષણ થકી યોગ્ય માર્ગ ઉપર ચાલી શક્તો નથી. શૈક્ષણિક મનોવિજ્ઞાન શિક્ષકોને એવા અસ્ત્ર-શસ્ત્રોથી સુસજ્જ. કરે છે કે જેના થકી તે વર્ગમાં જૂથ ગતિશીલતા અથવા વિદ્યાર્થીના જૂથોને વિભિન્ન પ્રકારના સંયોજક દળો (cohesive forces) અને વિનાશક દળો (destructive forces) સમજીને યોગ્ય નિર્ણય કરી શકે.

એ સ્પષ્ટ છે કે શૈક્ષણિક મનોવિજ્ઞાનના ઘણાં હેતુઓ છે. આ હેતુઓ પૈકી જેટલા વધુ હેતુઓની પૂર્તિ થઈ શકશે, તેટલું જ શૈક્ષણિક મનોવિજ્ઞાન પ્રભાવકારી સિદ્ધ થશે. પરંતુ દુર્ભાગ્યની વાત એ છે કે આમાંથી મોટાભાગના હેતુઓની પૂર્તિ ન તો ભારતમાં અને ન તો પશ્ચિમી દેશોમાં થઈ શક્યાં છે. આજ કારણ છે ન કે શૈક્ષણિક મનોવિજ્ઞાન એ વ્યવહારિક મનોવિજ્ઞાન (applied psychology)

હોવા છતાં પણ ખરા અર્થમાં ઉપયોગી અથવા વ્યાવહારિક નથી લાગતું.

## 6. <u>શૈક્ષણિક મનોવિજ્ઞાનનું કાર્યક્ષેત્ર</u>

## (<u>Scope of Educational Psychology</u>)

શિક્ષણ એક એવી પ્રક્રિયા છે, જે વ્યક્તિના જન્મથી લઈને મૃત્યુ સુધી નિરંતર ચાલ્યા કરે છે. આજ કારણ છે કે શૈક્ષણિક મનોવિજ્ઞાનનું કાર્યક્ષેત્ર (scope) પણ બાલ્યા અવસ્થા અથવા કિશોર અવસ્થા સુધીની શૈક્ષણિક પ્રક્રિયાઓનો જ અભ્યાસ કરવાનું નથી, પરંતુ તેના દ્વારા વ્યક્તિના સમગ્ર જીવનકાળમાં ચાલનારી શૈક્ષણિક પ્રક્રિયાઓનો અભ્યાસ કરવા સુધીનું છે. આ શૈક્ષણિક પ્રક્રિયાથી શિક્ષણ (Education) અને વિદ્યાર્થી (learner) સાથે સંબંધિત જેટલાં પ્રકારના પક્ષ હોઈ શકે છે, તેમને શૈક્ષણિક મનોવિજ્ઞાનના કાર્યક્ષેત્રમાં

સામેલ કરવામાં આવે છે. આ સંદર્ભમાં શૈક્ષણિક મનોવિજ્ઞાનના મુખ્ય કાર્યક્ષેત્રોનું વર્ણન લિડગ્રેન (Lindgren, 1972) અનુસાર, આ પ્રકારે કરી શકાય છે

**1. વિદ્યાર્થી (The learner):**

શૈક્ષણિક પ્રક્રિયામાં વિદ્યાર્થીની ભૂમિકા ખૂબ જ મહત્ત્વપૂર્ણ છે. કોઈ પણ શીખવા-શિખવાડવાની પ્રક્રિયા ત્યાં સુધી સંપન્ન ન થઈ શકે, જ્યાં સુધી વર્ગમાં વિદ્યાર્થીગણ હાજર ન હોય. વર્ગમાં શિક્ષણ કાર્ય ઘણી હદ સુધી વિદ્યાર્થીમાં વિભિન્ન પ્રકારના વિકાસ, તેના વ્યક્તિગત સદ્ગુણો, બુદ્ધિ (intelligence), અભિયોગ્યતા (aptitude), ચિંતન (thinking) વગેરે ઉપર નિર્ભર કરે છે. આ દરેકનો અભ્યાસ શૈક્ષણિક મનોવિજ્ઞાનના કાર્યક્ષેત્રની અંદર કરવામાં આવે છે અને શૈક્ષણિક મનોવૈજ્ઞાનિક વિદ્યાર્થીના આ વિભિન્ન પાસાંઓ ઉપર ગંભીરતાપૂર્વક વિચાર કરીને એક નિર્ણય ઉપર આવે છે અને તે રીતે વિદ્યાર્થીની પસંદગી કરીને તેને શિક્ષણ આપે છે. વિદ્યાર્થીના વિકાસનો અભ્યાસ કરતી વખતે શૈક્ષણિક મનોવિજ્ઞાન થકી વિદ્યાર્થીના કેટલાંક વિશિષ્ટ

વિકાસ જેવાં કે શારીરિક વિકાસ (physical development), માસિક વિકાસ (mental developrnet), જ્ઞાનાત્મક વિકાસ (cognitive development), ભાવાત્મક વિકાસ (emotional development), સામાજિક વિકાસ (social development) વગેરે ઉપર વધુ ભારે મૂકવામાં આવે છે. શૈક્ષણિક મનોવિજ્ઞાનમાં આ દરેક ક્ષેત્રોમાં વિદ્યાર્થી સાથે સંબંધિત સમસ્યાઓ અને તેમના સંભવિત નિદાનનો પણ અભ્યાસ કરવામાં આવે છે કે જેથી શિક્ષણની પ્રક્રિયાને વધુને વધુ લાભદાયી બનાવી શકાય.

**2. શીખવાની પ્રક્રિયાનું સ્વરૂપ (Nature of the learning process):**

લિંડબ્રેન અનુસાર, શીખવાની પ્રક્રિયા એક એવી પ્રક્રિયા છે, જેના દ્વારા વિદ્યાર્થી પોતાની વર્તનમાં પરિવર્તન લાવીને નવી-નવી વિભાવનાઓ(concepts)ને શોધે છે અને પોતાની ચિંતન પ્રક્રિયાને પુનઃસંગઠિત (reorganise) કરે છે. સાચી વાત તો એ છે કે વિદ્યાર્થી શીખતી વખતે જે કોઈ પણ પ્રક્રિયાઓ કરે છે, તેને શીખવાની પ્રક્રિયા

કહેવામાં આવે છે. શીખવાની કેટલીક પ્રક્રિયાઓ એવી હોય છે, જેનું અવલોકન કરી શકાય છે. લખવું, વાતચીત કરવી વગેરે આ રીતની પ્રક્રિયાઓના ઉદાહરણો છે. શીખવાની કેટલીક પ્રક્રિયાઓ એવી હોય છે, જેનું નિરીક્ષણ (observation) પ્રત્યક્ષપણે નથી કરી શકાતું, પરંતુ તે ખૂબ જ મહત્ત્વપૂર્ણ પ્રક્રિયાઓ હોય છે, કારણ કે તે શીખવાની પ્રક્રિયા ઉપર મહત્તમ પ્રભાવ પાડે છે. આ પ્રક્રિયાઓમાં ચિંતન (thinking), અનુભૂતિ (perceiving), સ્મરણ અને વિસ્મરણ (remembering & forgetting) વગેરે મુખ્ય છે. શૈક્ષણિક મનોવિજ્ઞાનના કાર્યક્ષેત્રમાં આ બંને પ્રકારની શીખવાની પ્રક્રિયાઓને સમ્મિલત કરવામાં આવી છે. શૈક્ષણિક મનોવૈજ્ઞાનિક શીખવાની આ દરેક પ્રક્રિયાઓનો અભ્યાસ કરીને વિદ્યાર્થીને અર્થપૂર્ણ શિક્ષણ પ્રાપ્ત કરવા માટે એક યોગ્ય વાતાવરણ તૈયાર કરે છે.

### 3. શીખવાની પરિસ્થિતિ (The learning situation):

લિંડબ્રેન (Lindgren, 1972) અનુસાર, શૈક્ષણિક મનોવિજ્ઞાનનું ત્રીજું મુખ્ય ક્ષેત્ર (focal area) શીખવાની પરિસ્થિતિ છે, જેમાં શીખવાની પ્રક્રિયા સંપન્ન થાય છે. આમાં શિક્ષકનું મનોવલણ

(attitude), વર્ગ અથવા ક્લાસની પરિસ્થિતિ, સ્કૂલનું ભાવાત્મક વાતાવરણ (preconnt comreth) ફોર્ડને મહત્વપૂર્ણ પ્રામાં આવે છે, કારણ કે બા પ્રામાં કવાની સ્થિતિનું નિયત કાળ છે. મખાની પતિ કર્યું. એ પ્રારની એષ છે કે જેમાં શિલકનું મનોવલણ (tle) અનુકૂળ હોય છે, ત્યાં વર્ગમાં વિદ્યાર્થીઓની પેકના ની જગ્યા આરાપાટ હોય છે, ખંડ - સુરત હોય છે અને સ્કૂલનું ભાત્મક શસાયરલ ન્યુ સૌહાર્દપૂર્ણ હોય છે અને ત્યાં આપવામાં આવેલું ચિત્રણ રજુ થા પદાર્થ અને અર્થપૂર્ણ હોય છે. બીજી બાજુ જે શીખવાની પ્રતિ એવી પ્રેમ કે જૈમાં શિકની મનોવૃત્તિ પ્રતિકૂળ (streamble) હોય, વર્ગના ઓછો સ્વચ્છ કૂવા હોય અને બેસવાની જો સહેજ પણ આરામદાયક ન ધ્યેય અને સ્કૂલનું ભાવાત્મક વાતાવરણ ગરબ હોય ત્યારે તેમાં આપવામાં આવેલું શિર વધુ અર્થપૂર્ણ ઘડાથી બી. બની શક્યું. શિક મનોવલના કાર્યક્ષેત્રમાં આ તથ્યની ભાળ મેળવવી પણ સાયેલ હોય છે કે કઈ-કઈ પરિસિલિઝ્નોમાં શીખવા-શિખવાડવાનો પ્રર્યક્રય કરી શકાય છે અને કઈ-કઈ પરિસ્થિતિઓમાં નહીં. આટલું જ નહીં, શૈકશિક મનોવૈજ્ઞાનિક શીખવા-શીખવવાશ માટે એક ઉત્તમ પરિસ્થિતિ ઉભી કરવા પોતાના કાર્યક્ષેત્રને એક મુખ્ય પામું માને છે. મેં માપન અને મૂલ્યાંકન

(Macement & enamon) - શૈક્ષણિક મનોવૈજ્ઞાનિક વિદ્યાર્થીઓની શૈક્ષઝિક ઉપલબિયોનું માપન અને મૂલ્યાંકન ઉપર પણ ભાર મૂકે છે. વિદ્યાર્થીના પથાયોગ્ય શિક્ષા માટે તે આવશ્યક છે કે વિદ્યાર્થીની બુદ્ધિ અભિરુચિ, કોલર, અભિયોગ્યતાનું માપન કરવામાં આવે અને તેમની ઉપઑઓઓનું સાચું મૂલ્યાંકન કરવામાં આવે. દેવક ધોવિજ્ઞાનમાં આ પ્રકારના માપન અને મૂલ્યાંકનના અભ્યાસ ઉપર વિશેષ ભાર આપવામાં આવ્યો છે, કે જેથી શિષ અર્થપૂર્ણ અને શાશ્વત બની શકે. માર્ગદર્શન અને માસિક id seed suddh) -ીલક કોવિજ્ઞાનના કાર્યશેલમાં જદર્શન અને વિદ્યાર્થીઓના માલિક સ્થની પ્રાધાન્યતા દર્શાવવામાં આવી છે. માર્ગદર્શન બસ સાર તૈયર આપવામાં આવે છે - વ્યક્તિગત માર્ગદર્શન માં piano, સૈનિક માર્ગદ રાજ (guidance) અને વ્યાવસાયિક માર્ગદર્શન (vocational guidance). શૈક્ષણિ મનોવિજ્ઞાન આ ત્રોય પ્રકારના માર્ગદર્શનોની યોગ્ય વ્યવસ્થા કરીને વિદ્યાર્થીઓને પોત-પોતાના સામર્થ્યને અનુરૂપ ગોઠવણ કરવામાં મદદ કરે છે. આટલું જ નહીં, શૈક્ષણિક મનોવિજ્ઞાન શિક્ષક અને વિદ્યાર્થીઓના માનસિક સ્વાસ્થ્ય (merit health)ને જાળવી રાખવા

માટે સંબંધિત તથ્યોને પણ પોતાના અભ્યાસ ક્ષેત્રમાં સામેલ કરીને શિક્ષણને વધુ અર્થપૂર્ણ અને લાભદાયી બનાવે છે.

એ સ્પષ્ટ છે કે, શૈક્ષણિક મનોવિજ્ઞાનનું કાર્યક્ષેત્ર ખૂબ જ વિસ્તૃત છે. આ દિશામાં વધુ નિખાર એટલા માટે આવ્યો છે કે સરકાર સમયાંતરે કેટલીક વિશિષ્ટ લાભદાયી શિક્ષણ નીતિની જાહેરાત કરતી હોય છે. આનાથી શૈક્ષણિક મનોવૈજ્ઞાનિકોના ઉત્સાહમાં વધારો થયો છે અને તેઓ પોતાના કાર્યક્ષેત્રની સીમારેખાને ચારેય દિશાઓમાં વધારવા માટે પ્રયત્નશીલ થયા છે.

7. **શૈક્ષણિક મનોવિજ્ઞાનનું મહત્ત્વ** (Significance of Educational Psychology)

શૈક્ષણિક મનોવિજ્ઞાન, મનોવિજ્ઞાનની એક મુખ્ય વ્યાવહારિક (applied) શાખા છે, જેનું શિક્ષણ, શિક્ષકો અને વિદ્યાર્થીઓ (learners) માટે ઘણું મહત્ત્વ જણાવવામાં આવ્યું છે. આ મનોવિજ્ઞાનથી શિક્ષણ સંસ્થાઓના શૈક્ષણિક વાતાવરણમાં ઉલ્લેખનીય પરિવર્તન આવ્યું છે અને શિક્ષણના સ્તરને મનોવૈજ્ઞાનિક રીતે ઉત્કૃષ્ટ કરવામાં આવ્યું છે. શૈક્ષણિક મનોવિજ્ઞાનના મહત્ત્વ વિશે આપણે મહદ્ અંશે આ રીતે ઉલ્લેખ કરી શકીએ છીએ

1. વિદ્યાર્થીઓની વિકાસાત્મક વિશેષતાઓને સમજવામાં (In understanding developmental characteristics of students) : સ્કૂલમાં બાળ વિકાસની વિભિન્ન અવસ્થાઓ જેવી કે – શૈશવાવસ્થા, બાલ્યાવસ્થા (childhood) અને કિશોરાવસ્થા(adolescence)માંથી વિદ્યાર્થીઓ પસાર થતાં હોય છે. પ્રત્યેક વિકાસાત્મક અવસ્થાની પોતાની કેટલીક વિશેષતાઓ હોય છે. શૈક્ષણિક મનોવિજ્ઞાન શિક્ષકોને આ વિશેષતાઓથી માહિતગાર કરાવીને તેમના ભણતર-અભ્યાસના સ્તરને સુધારવા માટે ઘણી મદદ કરે છે. શિક્ષક આ વિશેષતાઓના પ્રકાશમાં કાલના કેતુઓમાં પર્યાપ્ત કીર્તન કરીને મિત્રય કારને ઉત્કૃષ્ટ મનાવી

પૂ. વર્ગના શિક્ષણના સ્વરૂપને સમજાય તેમ શsuming the nure of ensroom being = તરિક મનોવિજ્ઞાનનું મહત્વ એટલા માટે પણ છે કે મનોવિજ્ઞાન, શીખવાની પ્રક્રિશ વિશે સામાન્ય ને અને વર્ગખંડ શિક્ષણ વિશે વિશિષ્ઠ રીને બાન પ્રાન કરે છે. આ પ્રકારના નનો સાર ઉપર વર્ગખેડ શિક્ષા વિશે એક વિસ્તૃત સિન (unrememove hery) તૈયાર કરવામાં મદદ મળે છે. આ પ્રકારના

સિત અને શિયર વખારે ન કક્ત ચૈત્યના જ્ઞાન ભંડારને, પરંતુ વિદ્યાર્થીઓની ક્ષમતાઓને અને તેમના વ્યક્તિનીલ ગુલી(perenadey tria)ને પણ ધ્યાનમાં રાખે છે. આનાથી શિક્ષણ ની ઉ-સામાં પર્યાપ્ત વૃદ્ધિ થાય છે અને શૈક્ષણિક મનોવિજ્ઞાનનું મહત્વ વધે છે.

૩. વિદ્યાર્થીઓની સમસ્યાઓને સમજવામાં ઊs nderstanding problems of farmers) Itna મનોવિજ્ઞાન વિશ્વોની સમસ્યાઓને ઉજાગર કરવામાં અને તેના કારણોની ભાળ મેળવવામાં ખૂબ મદદ કરે છે. વિભિન્ન આયુવર્ગના વિદ્યાર્થીઓ અલગ-અલગ સમસ્યાઓ દર્શાવે છે, જેને ઓળખવા માટે શિક્ષકોને દૈક્ષણિક મનોવિજ્ઞાન પણી મદદ કરે છે. આ સમસ્યાઓની ખોળખ થઈ જવા પર વૈદિક મનોવૈજ્ઞાનિક તેમને યોગ્ય શૈક્ષણિક માર્ગદર્શન {ehulmal painee) આપીને અને પરામર્શ (oil) કરીને સમસ્યાઓ દૂર કરે છે અને શિક્ષાના તરમાં પર્યાપ્ત સુધારણા લાવી શકે છે. વિદ્યાર્થીઓની વ્યક્તિગત વિભિન્નતાને સમજવામાં he erstent individual ackerrences among learners) : વિદ્યાર્થીઓમાં ક્ષમતા (i),

અભિયોગ્યતા (optide), મનોવલલ્સ (nmise), સદ્રગુપ્ત લઇ લગીમાં ખૂબ જ ભિન્નતા હોય છે. આનાથી વર્ગમાં કેટલીક સમસ્યાઓ ઊભી થાય છે. શંકને શિક્ષણ-કાર્યમાં અવરોધ આવે છે, કારણ કે કોઈ વિચારી માટે તેમનું શિષય ઉત્તમ હોય છે, જ્યારે કેટલાંક રે ના, આ સમસ્યાના ઉકેલ માટે ણિક મનોવિજ્ઞાન પરી મદદ કરે છે. વ્યક્તિગત વિભિન્નતાના મુળ સિદ્ધાંતોથી માહિતગાર કરાવીને શિકને આ મોવિજ્ઞાન આવી સમસ્યાઓની કલવામાં પછી કદ કરે છે. વિદ્યાર્થીઓમાં સકારાત્મક મનોવૃત્તિના વિકાસમાં (In developing positive anitude of learners) : શૈક્ષણિક મનોવિજ્ઞાન વિદ્યાર્થીઓના માનસિક સ્વાસ્થ્યને ઉન્નત કરવા ઉપર વધુ ભાર મુકે છે. આવો જ સમાન ભાર શિક્ષકોના માનસિક આરોગ્યને ઉન્નત બનાવવા ઉપર પણ મૂકવામાં આવે છે. જ્યારે વિદ્યાર્થીઓમાં ઉત્તમ માનસિક આરોગ્ય વિકસિત થાય છે, ત્યારે તે પાઠ (lesson) પ્રત્યે, શિક્ષકો પ્રત્યે, પોતાના સહાધ્યાયીઓ પ્રત્યે એક સકારાત્મક મનોવલણ વિકસિત કરી હે છે. આનાથી તેમનો માનસિક અને શારીરિક વિકાસ ખૂબ જ અનુકૂળ રીતે થાય છે અને શૈક્ષણિક વાતાવરણમાં યથાર્થતા વધે છે.

પ્રભાવી શિક્ષણ પદ્ધતિઓની ઓળખ માટે (In construction of curriculum) : શૈક્ષણિક મનોવિજ્ઞાનનું મહત્ત્વ એટલે પણ ઘણું છે, કે તે મનોવિજ્ઞાન દ્વારા ઉત્તમ અને પ્રભાવી શિક્ષણ પદ્ધતિઓની ઓળખ કરવામાં મદદ કરે છે. શૈક્ષણિક મનોવિજ્ઞાન, શિક્ષણની અલગ-અલગ પદ્ધતિઓની ઓળખ કરવામાં મદદ કરે છે. શૈક્ષણિક મનોવિજ્ઞાન શિક્ષણની અલગ-અલગ પદ્ધતિઓની સાપેક્ષ ઉપયોગિતાઓ ઉપર ભાર મૂકે છે. શિક્ષક આવી વિભિન્ન પદ્ધતિઓમાંથી ઉત્તમ પદ્ધતિને ઓળખીને તેનો ઉપયોગ વર્ગખંડમાં કરે છે. આનાથી વિદ્યાર્થીઓનું શૈક્ષણિક પરિણામ (educational outcome) તો મજબૂત થાય જ છે, સાથે-સાથે અભ્યાસમાં તેમની અભિરુચિ, મનોવલણ વગેરે જળવાઈ રહે છે. આનાથી શૈક્ષણિક વાતાવરણમાં સમસ્તપણે ઉત્કૃષ્ટતા આવે છે.

7. અભ્યાસક્રમના નિર્માણમાં (In construction of curriculum) : શૈક્ષણિક મનોવિજ્ઞાનનું મહત્ત્વ એટલે પણ ઘણું છે, કારણ કે એના મૂળ સિદ્ધાંતોને ધ્યાનમાં રાખીને અભ્યાસક્રમ(curriculum)નું નિર્માણ

કરવામાં ઘણી સુવિધા રહે છે. શૈક્ષણિક મનોવિજ્ઞાનના મૂળ સિદ્ધાંતો (principles) વિદ્યાર્થીઓની જરૂરિયાતો, તેમની વિકાસાત્મક વિશેષતાઓ (developmental characteristics), શીખવાની તરાષ્ટ અને સમાજની જરૂરિયાતોને ધ્યાનમાં રાખવા ઉપર ભાર મૂકવામાં આવે છે. શિક્ષક અને શૈક્ષણિક મનોવિજ્ઞાન આ મૂળ તત્ત્વોને ધ્યાનમાં રાખીને અભ્યાસક્રમનું નિર્માણ કરે છે. જેનાથી પાઠની વૈજ્ઞાનિકતા તો જળવાઈ રહે જ છે, પણ સાથે-સાથે તેમની વ્યાપકતા પણ મજબૂત થાય છે.

જૂથ ગતિશીલતાને સમજવામાં (In understudies group dynamics) % તાજેતરના વર્ષોમાં શૈક્ષણિક મનોવૈજ્ઞાનિકો દ્વારા વર્ગખંડના શિક્ષણ અને ભણતર- અભ્યાસમાં સામાજિક વર્તન અને જૂથ ગતિશીલતા (group dynamisના પરિબળને મહત્ત્વપૂર્ણ દર્શાવવામાં આવ્યા છે. આ પરિબળોને સમજવાથી શિક્ષક-વિદ્યાર્થી આદાન-પ્રદાન (eacherage interactions) ઉન્નત બને છે. વિદ્યાર્થી વર્ગખંડમાં ઉત્તમ અનુશાસન જાળવે છે અને તેમના આ પ્રયાસમાં શિશ પણ પોગ્ય માર્ગદર્શન આપી શકે છે. આનો પ્રભાવ વિદ્યાર્થીઓ (learners) ઉપર અને શીખવાની પ્રક્રિયા ઉપર ઉત્તમ થાય છે.

વર્ગખંડમાં શિક્ષણ (teching) અને શીખવાનું leaming) પર્યાપ્ત વાતાવરણ બની શકે છે અને આખરે શિક્ષણના સ્તર ઉપર ઘણો અનુકૂળ પ્રભાવ પડે છે.

૭. અપવાદાત્મક બાળકોના શિક્ષણ માટે માર્ગદર્શન પ્રદાન કરવામાં (18 providing guidance to the education of exceptional children) : શૈક્ષણિક મનોવિજ્ઞાન અપવાદાત્મક બાળકો, જેવાં કે કુશાગ્રબુદ્ધિ ધરાવતા બાળકો અને માનસિક રીતે મંદબુદ્ધિ ધરાવતા બાળકોના સંબંધમાં શિક્ષણમાં વિશેષ માર્ગદર્શન પ્રદાન કરે છે, જેનાથી આવા બાળકોની ઘણી વ્યાવહારિક તકલીફો દૂર થઈ જાય છે અને શૈક્ષણિક વાતાવરણમાં વિશિષ્ટતા આવી શકે છે. શૈક્ષણિક મનોવિજ્ઞાનના મૂળ સિદ્ધાંતો ઉપર ભાર આપવાનું જ આ પરિણામ છે કે આવા બાળકોનો અભ્યાસક્રમ (curriculum) સામાન્ય બુદ્ધિના વિદ્યાર્થીઓના અભ્યાસક્રમથી અલગ રાખવામાં આવે છે અને તેવા શિક્ષકો કે જેમની ઉપર આવા બાળકોને ભણાવવાની જવાબદારી હોય છે, તેમને વિશેષરૂપે પ્રશિક્ષિત કરવામાં આવે છે. શૈક્ષણિક મનોવિજ્ઞાન

જેવી શાખા ન હોવાનું આવા બાળકો માટે આ રીતે કલ્યાકારી ઉપાયો વિશે વિચારી પણ શકાતું ન હતું.

10. સંશોધન કાર્યો હાથ ધરવામાં(In contacting research): શૈક્ષણિક મનોવિજ્ઞાન, શિક્ષણના ક્ષેત્રમાં નવી-નવી શોધખોળોને પણ પ્રોત્સાહિત કરે છે, જેનાથી મનોવિજ્ઞાનનું મહત્ત્વ ખૂબ જ વધ્યું છે. આ શોધખોળનું પરિણામ છે કે નવી- નવી શિક્ષણ પદ્ધતિઓ, નવાં નવાં શિક્ષણ ઉપકરણો, શ્રવર્ણ દર્શનીય સહાયતા (audio-visual aids) વગેરેનો ઉપયોગ વર્ગખંડના ભણતર માટે કરવામાં આવી રહ્યો છે. આનાથી ન ફક્ત શિક્ષકોને પરંતુ વિદ્યાર્થીઓને પણ પર્યાપ્ત લાભ થયો છે. શિક્ષકોને તેમના જ્ઞાન ભંડારને વૈજ્ઞાનિક કરવામાં અને વિદ્યાર્થીઓને નવીનતમ તકનિકી જ્ઞાન પ્રાપ્ત કરવામાં અસમાનાંતર મદદ મળે છે.

નિષ્કર્ષરૂપે, એવું કહી શકાય છે કે ઘણાં પરિબળોથી શૈક્ષણિક મનોવિજ્ઞાનનું મહત્ત્વ કંઈક એવું છે કે તેના વગર શિક્ષણની વૈજ્ઞાનિકતા અને વ્યાપકતા હંમેશા અધૂરી જ રહેશે.